1. પશ્ચિમીકરણનો અર્થ સમજાવો.

- પશ્ચિમીકરણ એ સામાજિક પરિવર્તન માટેની એક મહત્ત્વની સાંસ્કૃતિક પ્રક્રિયા છે. ડૉ. એમ. એમ. શ્રીનિવાસે પોતાના પુસ્તક આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન માં પશ્ચિમી કરણના ખ્યાલને સવિસ્તર સમજાવ્યો છે. તેમના મત મુજબ, પશ્ચિમીકરણ એક એવી પ્રક્રિયા છે જેમાં ભારતમાં 150 વર્ષના બ્રિટિશ શાસનને કારણે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં વિવિધ સ્તરે પરિવર્તનો આવ્યાં છે. તેમાં યાંત્રિક, સંસ્થાકીય, વૈચારિક અને મૂલ્યસંબંધિત પરિવર્તનોનો સમાવેશ થાય છે. પશ્ચિમીકરણ એ ભારતમાં માળખાકીય પરિવર્તનો કરતાં સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તનો સમજાવવા માટેનોખ્યાલ છે.'' પશ્ચિમીકરણના અર્થમાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :
- (1) યંત્રવિદ્યા અને વિજ્ઞાનનો સમાવેશ થાય છે.
- (2) સંસ્થાઓ, વિચારસરણી, મૂલ્યો વગેરેનો સમાવેશ થાય છે.
- (3) ચીજવસ્તુ, ભાષા વગેરેનો ઉપયોગ થાય છે. પશ્ચિમીકરણ એક વ્યાપક સંકુલ અને પલ્લા સ્તરવાળો ખ્યાલ છે. હું હટી જ તેમાં એક છેડે પશ્ચિમી ટેક્નોલૉજી અને બીજા છેડે આધુનિક વિજ્ઞાન : વગરની અને આધુનિક ઈતિહાસ છે. અંગ્રેજ અમલ દરમિયાન ભારતીય સમાજ જીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં પશ્ચિમની વિચારસરણીના માનવતાવાદી, બિનસાંપ્રદાયિક, ઉદારી. ઉદારમતવાદ, સમાનતાવાદ વગેરેમાં પરિવર્તન સુચવતી પ્રક્રિયા એટલે પશ્ચિમીકરણ.